# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-05-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## તિરંગા યાત્રા-ભુજ:

ઓપરેશન સિંદૂરમાં ભારતીય સશસ્ત્ર દળોની બહાદુરીને બિરદાવવા અને તેમના મનોબળને વધારવા માટે, આજે સરહદી જિલ્લા કચ્છના ભૂજ ખાતે 325 મીટર લાંબા રાષ્ટ્રધ્વજ સાથે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી.

જ્યુબિલી સર્કલથી શરૂ થયેલી યાત્રા વિડી હાઈસ્કૂલ અને એસટી બસ માર્ગ થઈને હમીરસર તળાવ નજીક મહાત્મા ગાંધીજીની પ્રતિમા પાસે પૂર્ણ થઇ હતી. આ યાત્રામાં સુરક્ષા દળો, પોલીસ અને હોમગાર્ડ જવાનો ઉપરાંત, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ તથા બાળકોથી લઈને વડીલો સુધી મોટી સંખ્યામાં નાગરિકો હાથમાં ત્રિરંગો લઈને જોડાયા હતા.

૧૯૭૧ના પાકિસ્તાન સામેના યુદ્ધ દરમિયાન ભુજના રનવેના સમારકામમાં અન્ય વીરાંગનાઓ સાથે વાયુસેનાને મદદ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવનાર ભુજના માધાપુર ગામના 80 વર્ષીય કાનાબાઈ હિરાણી આ તિરંગા યાત્રામાં સૈનિકોનું મનોબળ વધારવા માટે આવ્યા હતા. તેમણે કહ્યું કે, આપણા બહાદુર સૈનિકોએ હંમેશા પોતાનો જીવ જોખમમાં મૂકીને દેશનું રક્ષણ કર્યું છે.

**(બાઈટ... કાનબાઈ હિરાણી)**

આ યાત્રામાં ભાગ લેનારા હિરેનભા ચાવડા કહે છે કે આપણા સૈનિકોએ ત્રિરંગાનું ગૌરવ વધાર્યું છે.

**(બાઈટ... હિરેનભા ચાવડા)**

નાગર મહિલા મંડળના પ્રમુખ બંસરી બહેન ધોળકિયા પણ આ તિરંગા યાત્રામાં જોડાયા હતા.

**(બાઈટ... બંસરી બહેન)**

**તિરંગા યાત્રા દરમિયાન દેશભક્તિના ગીતો અને સૈનિકોની બહાદુરીના વખાણ કરતા સૂત્રોચ્ચાર વચ્ચે દેશભક્તિનો અનોખો માહોલ છવાયો હતો. વિવિધ સામાજિક સંસ્થાઓ અને સ્વૈચ્છિક સંગઠનોએ માર્ગમાં પુષ્પવૃષ્ટિ કરીને યાત્રાનું સ્વાગત કર્યું હતું.**

---------------------------------------------------------------------------------

## પૂર્વ કચ્છ પોલીસ વડા:

પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારે સરહદી વિસ્તારના ગામો બેલા, ખડીર, જનાણ અને કલ્યાણપરની મુલાકાત લીધી હતી.

પોલીસ વડાએ સ્થાનિક પોલીસ અને સુરક્ષા એજન્સીઓને સહકાર આપવા માટે લોકોને અનુરોધ કર્યો હતો. તેમજ સરહદ પર જાગૃત રહેવા માટે મહત્વપૂર્ણ સૂચનો કર્યા હતા. જેમાં અજાણી વ્યક્તિઓ પર નજર રાખવા અને રાત્રે અજાણ્યા વાહનો અંગે સતર્ક રહેવાની સૂચનાઓનો સમાવેશ થાય છે. યુદ્ધની પરિસ્થિતિમાં બચાવ કાર્ય અને લશ્કરને મદદરૂપ થવા અંગેની માહિતી પણ આપવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, હાલની પરિસ્થતિને જોતા સુરક્ષા એજન્સીઓએ રાપર તાલુકાના અઢાર ગામ અને ખડીર દ્વિપ સમૂહના વિસ્તારમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે.

---------------------------------------------------------------------------------

## નર્મદા બ્રાંચ કેનાલ:

કચ્છની જીવાદોરી સમાન નર્મદા યોજનાની મુખ્ય બ્રાન્ચ કેનાલમાં આજથી પાણી વહેતું થયું છે. છેલ્લા દોઢ મહિનાથી સમારકામ માટે બંધ રહેલી કેનાલનું બનાસકાંઠા અને કચ્છના રાપર તાલુકાના રણ વિસ્તાર સહિતના વિસ્તારોમાં રિપેરિંગ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે.

સલીમગઢથી આજે સવારે નર્મદાનાં નીર વહેતાં થયાં છે. કેનાલમાં પાણી છોડાયા બાદ ત્રણ-ચાર દિવસમાં પાણી પહોંચશે અને એક સપ્તાહમાં સંપૂર્ણ પ્રવાહ શરૂ થશે.

ઉલ્લેખનીય છે કે, રાપર શહેરમાં પીવાના પાણીની વ્યવસ્થા માત્ર નર્મદા કેનાલ પર આધારિત છે. હાલમાં રાપર શહેરમાં દર બીજા દિવસે પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે. પીવાના પાણી અને ખેડૂતો માટે આવશ્યક નર્મદાનાં નીર કેનાલમાં વહેતાં થતાં લોકોમાં આનંદની લાગણી છવાઈ છે.

---

## ભૂકંપનો આંચકો:

ભચાઉ નજીક ગઈકાલે સાંજે આવેલા 3.4ની તીવ્રતાના ભૂકંપના આંચકાથી લોકો ભયભીત થયા હતા.

ભચાઉથી ઉત્તર-ઉત્તર-પૂર્વ દિશામાં 12 કિ.મી. દૂર 20.9 કિ.મી.ની ઉંડાઇએ નર્મદા કેનાલ અને ખારોઇ રોડ વચ્ચેના વિસ્તારમાં મેઘપર નજીક આ આંચકો નોંધાયો હતો. આંચકાની અસર નેર, બંધડી, માધવપુર, માય, મેઘપર, ખારોઇ પંથકમાં વર્તાઇ હતી. ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલા જ ૧૨ મીએ રાત્રે અંજારથી પૂર્વ-ઉત્તર-પૂર્વ દિશામાં 6 કિ.મી.ના અંતરે 2.9ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો.

---